# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/211 Dt. 14/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરતમાંથી એર કનેક્ટિવિટી મજબૂત બનાવવાની દિશામાં ચેમ્બરમાં મહત્વપૂર્ણ બેઠક

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ તાજેતરમાં જ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના ગુજરાત હેડ શ્રી પ્રદીપ પોપટની સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ હાજર રહ્યા હતા.

બેઠક દરમ્યાન સુરતમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓના વિસ્તરણ, મુસાફરોની સુવિધામાં સુધારા અને એર ઈન્ડિયાની વિસ્તૃત સેવાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં સુરત આંતરરાષ્ટ્રીય વિમાનમથકની વધતી ભૂમિકા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો, જે ગુજરાત અને પશ્ચિમ ભારતના વેપાર, ઉદ્યોગ અને પર્યટન વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સ, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ સાથે મળીને સુરતને, ગુજરાત અને પશ્ચિમ ભારત માટેનું મુખ્ય એવિએશન ગેટવે બનાવવાની દિશામાં સતત પ્રયાસો કરતા રહેશે.